રાજય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂકોનો ફીકસ પગાર સુધારવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)ઝ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૦/૧૦/૨૦૧૪

સંદર્ભ- (૧) નાણા વિભાગનો તા.૧૬/૨/૨૦૦૬નો ઠરાવ ક્રઃખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧
(૨) નાણા વિભાગનો તા.૧/૮/૨૦૦૬નો ઠરાવ ક્રઃખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧
(૩) સા.વ. વિભાગનો તા.૪/૬/૨૦૦૯ નો ઠરાવ ક્રઃસીઆરઆર/૧૧૨૦૦૮/૪૩૩/૭૧૭/ગ.૫
(૪) નાણા વિભાગનો તા.૨૯/૪/૨૦૧૦નો ઠરાવ ક્રઃખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧
(૫) નાણા વિભાગનો તા.૬/૧૦/૨૦૧૧નો ઠરાવ ક્રઃખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨) /ઝ.૧

// આમુખ //-

સંદર્ભ (૧) અને (૨) માં દર્શાવેલ નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ અને તા.૧/૮/૨૦૦૬ના ઠરાવોથી રાજય સરકારની કચેરીઓમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગોમાં રાજય સરકારની કરકસરની નીતિના ભાગરૂપે ૫ (પાંચ) વર્ષ માટે ફીકસ પગારથી સીધી ભરતીથી નિમણૂકો કરવાની નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે. આ ઠરાવો સંદર્ભમાં સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ (૩) માં દર્શાવેલ તા.૪/૬/૨૦૦૯ના ઠરાવથી કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂક બાબતની શરતો અને બોલીઓ નિયત કરવામાં આવેલ છે. સંદર્ભ-(૫)ના તા.૬/૧૦/૨૦૧૧ના ઠરાવથી સંદર્ભ (૧)ના ઠરાવથી નિયત કરવામાં આવેલ ફીકસ પગારના દરોમાં સુધારો કરવામાં આવેલ છે.

છેલ્લા કેટલાક સમયથી ઉકત ઠરાવો અન્વયે નિયત કરવામાં આવેલ ફીકસ પગારમાં સુધારો કરવા બાબતે રાજય સરકારને વ્યકિતગત તેમજ કર્મચારી સંગઠનો તરફથી રજુઆતો મળેલ હતી. જેને ધ્યાનમાં લેતાં, સંદર્ભ (૫)થી નિયત કરેલ ફીકસ પગારની રકમ સુધારવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી.

// ઠરાવ //

રાજય સરકારે કાળજીપૂર્વકની વિચારણાને અંતે સંદર્ભ (૫)ના ઠરાવથી માસિક ફીકસ પગારનાં નક્કી કરેલા દરમાં નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબ વધારો કરવા નિર્ણય કરેલ છે.

<u>પત્રક</u>

| અ.નં. | હાલનો ફીકસ પગાર (રૂપિયા) તા.૬/૧૦/૨૦૧૧ના ઠરાવ મુજબ | સુધાર્યા મુજબનો ફીકસ પગાર (રૂપિયા) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | રૂ.૪૫૦૦ | રૂ.૭૧૦૦/- |
| ૨ | રૂ.૫૩૦૦ | રૂ.૭૮૦૦/- |
| ૩ | રૂ.૯૪૦૦ | રૂ.૧૩૫૦૦/- |
| ૪ | રૂ.૧૦૦૦૦ | રૂ.૧૩૭૦૦/- |

આ સુધારેલ ફીકસ પગારનો અમલ તા.૧/૧૦/૨૦૧૪ થી કરવાનો રહેશે. રાજય સરકારમા હવે પછી ફીકસ પગારની તા.૧૬/૨/૨૦૦૬ના ઠરાવ અન્વયેની નીતિ અનુસાર સીધી ભરતીથી થતી નિમણૂકોમાં પણ આ ઠરાવથી સુધાર્યા મુજબનો ફીકસ પગાર ચુકવવાનો રહેશે.

નાણા વિભાગના સંદર્ભ (૧) અને (૨) માં દર્શાવેલ અનુક્રમે તા.૧૬/૨/૨૦૦૬ અને તા.૧/૮/૨૦૦૬ના ઠરાવોમાં તેમજ સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ (૩) માં દર્શાવેલ તા.૪/૬/૨૦૦૯ના ઠરાવમાં દર્શાવેલ અન્ય તમામ શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી.પી.પટેલ )
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર